Extra No. 275

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 25, 2025 / ASVINA 3, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-મહુવા (ભાવનગર)-યુનિટ-૩-૨૦૨૫

મહુવા નગરપાલિકા, જિ. ભાવનગરની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

૧. ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ ૬ ની પેટા-કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ ૬ ની પેટા કલમ ૫ અન્વયે, રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર, અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિન-અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સંબંધે વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા (જે તે વર્ગની સ્ત્રીઓ સહિત) સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/168 of 2025 UDUHD/MIM/e-file/18/2024/6591/M, તા.૧૨/૦૫/૨૦૨૫ થી સને ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડાના આધારે મહુવા નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ ૩૬ બેઠકો નક્કી કરેલ છે. સદર જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ઉક્ત જાહેરનામાથી નક્કી થયેલ વોર્ડની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઈ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ (વખતો વખત સુધાર્યા પ્રમાણે) (જેનો આમાં હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ધ્યાને લઈ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૯૮૫૨૦ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડ દિઠ સરેરાશ વસ્તી ૧૦૯૪૭ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૭. નિયમ-૩ની જોગવાઈને ધ્યાનમા રાખી શહેરના ૯ વોર્ડોનું આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ-રસ્તા વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ છે.

૮. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાંથી ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાં બે બેઠકો સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિન-અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ ૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/માપદંડ/ન.પા/જન (૧)/૧૨૨૦૧૪/ક થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો વસ્તીની ટકાવારીના ઉતરતા ક્રમમાં ખાસ ક્રમાંક નક્કી કરી બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમે આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

૧૦. નગરપાલિકાઓની ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/ન.પા/વારાફરતી/સ્થા.સ્વ/૧૪૦(૫)/૦૮૨૦૨૫/ક, તા. ૦૯-૦૯-૨૦૨૫ નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડ નક્કી કરેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત)ના વોર્ડ નંબર/ વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની

ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે, નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઇઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાની વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઇ અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગો તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૧. જાહેરનામા અન્વયે ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રીઓ માટે કોઇ બેઠક અનામત રાખવામાં આવેલ નથી.

૧૨. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૧૧૧૩૭	૧૫૩૦	૧૩.૭૪	૧
૨	૯	૯૮૮૭	૬૩૫	૬.૪૨	૨
૩	૮	૯૯૨૫	૫૮૩	૫.૮૭	૩
૪	૨	૧૧૩૧૧	૩૫૦	૩.૦૯	૪
૫	૫	૧૦૫૨૦	૧૫૪	૧.૪૬	૫
૬	૩	૧૨૦૨૪	૯૭	૦.૮૧	૬
૭	૭	૧૧૬૨૫	૫૧	૦.૪૪	૭
૮	૬	૧૦૨૭૭	૪૨	૦.૪૧	૮
૯	૪	૧૧૮૧૪	૨૩	૦.૧૯	૯
કુલ		૯૮૫૨૦	૩૪૬૫		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૧માં નિયમોના નિયમ ૬ (ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય. જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક ફાળવણી કરવાની થતી નથી.

વોર્ડ નં ૧માં વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોઈ આ વોર્ડમાં અનુસૂચિત જાતિની બેઠક ફાળવવાની થતી નથી આથી, અનુસૂચિત જાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૯	અનુસૂચિત જાતિ

૧૪. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૭	૧૧૬૨૫	૪૨	૦.૩૬	૧
૨	૨	૧૧૩૧૧	૩૨	૦.૨૮	૨
૩	૮	૯૯૨૫	૧૮	૦.૧૮	૩
૪	૩	૧૨૦૨૪	૧૫	૦.૧૨	૪
૫	૫	૧૦૫૨૦	૧૧	૦.૧૦	૫
૬	૬	૧૦૨૭૭	૫	૦.૦૫	૬
૭	૧	૧૧૧૩૭	૫	૦.૦૪	૭
૮	૯	૯૮૮૭	૧	૦.૦૧	૮
૯	૪	૧૧૮૧૪	૦	૦.૦૦	--
કુલ		૯૮૫૨૦	૧૨૯		

૧૫. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવણી થતી નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૧૦ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૫ બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ ના નિયમ ૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧૦ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૧૦ બેઠકો પૈકી ૫ પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. મહુવા નગરપાલિકાના સૂચિત ૯ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૭	૧૧૬૨૫	૪૯૯૫	૪૨.૯૭	૧
૨	૨	૧૧૩૧૧	૪૭૪૨	૪૧.૯૨	૨
૩	૩	૧૨૦૨૪	૪૯૭૪	૪૧.૩૭	૩
૪	૪	૧૧૮૧૪	૪૩૦૯	૩૬.૪૭	૪
૫	૧	૧૧૧૩૭	૪૦૦૫	૩૫.૯૬	૫
૬	૬	૧૦૨૭૭	૩૬૯૫	૩૫.૯૫	૬

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૭	૫	૧૦૫૨૦	૩૫૭૧	૩૩.૯૪	૭
૮	૮	૯૯૨૫	૨૮૩૫	૨૮.૫૬	૮
૯	૯	૯૮૮૭	૨૬૦૪	૨૬.૩૪	૯
કુલ		૯૮૫૨૦	૩૫૭૩૦		

૧૮. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં ૭, ૨, ૩, ૪, ૧, ૬, ૫, ૮, ૯ અને ૭ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં. ૨, ૪, ૬, ૮ અને ૭ માં પછાતવર્ગ સ્ત્રીની અને વોર્ડ નં. ૭, ૩, ૧, ૫ અને ૯ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય.

વોર્ડ નંબર	બેઠક
૭	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૩	પછાતવર્ગ
૪	પછાતવર્ગ સ્ત્રી
૧	પછાતવર્ગ
૬	પછાતવર્ગ સ્ત્રી
૫	પછાતવર્ગ
૮	પછાતવર્ગ સ્ત્રી
૯	પછાતવર્ગ
૭	પછાતવર્ગ સ્ત્રી

૧૯. પછાતવર્ગના ખાસ ક્રમાંક નં. ૯, વોર્ડ નં. ૯ માં પછાતવર્ગ બેઠક ફાળવણી કરવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૯માં અનુસૂચિત જાતિ ત્રીજી બેઠક ફાળવેલ હોઈ, ત્યાં પછાતવર્ગની બેઠક ફાળવી શકાય તેમ નથી જેથી રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧/૧૨/૨૦૧૪થી નિયત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ ચડ-ઉતર કરી ફાળવણી કરવાની થાય છે. સબબ, ચડ-ઉતર કરી ત્યાર બાદ આવતા ખાસ ક્રમાંક નં. ૧/વોર્ડ નં. ૭ માં પછાતવર્ગ અને ખાસ ક્રમાંક નં. ૯ વોર્ડ નં. ૯ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવણી કરવાની થાય છે. રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાત વર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગની ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૫	૧	પછાતવર્ગ
૨	૬	૬	પછાતવર્ગ સ્ત્રી
૩	૭	૫	પછાતવર્ગ
૪	૮	૮	પછાતવર્ગ સ્ત્રી
૫	૯	૯	પછાતવર્ગ સ્ત્રી
૬	૧	૭	પછાતવર્ગ
૭	૨	૨	પછાતવર્ગ
૮	૩	૩	પછાતવર્ગ સ્ત્રી
૯	૪	૪	પછાતવર્ગ
૧૦	૫	૧	પછાતવર્ગ સ્ત્રી

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને મહુવા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડનું સીમાંકન, વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી નિર્ધારીત કરવામાં આવે છે અને જાહેર જનતાની જાણ સારૂ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ભાવનગરને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ મહુવા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષ સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-મહુવા (ભાવનગર)-યુનિટ-૩-૨૦૨૫ તા. ૨૫/૦૯/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૧

મહુવા નગરપાલિકા, જિલ્લો ભાવનગર

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	**સેન્સસના બ્લોક નંબરની વિગત**				**સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત**	**બ્લોકના વિસ્તારની વિગત**
	બ્લોક નંબર	**અ.જા. વસતી**	**અ.જ.જા વસતી**	**કુલ વસતી**	**ઘર નંબરથી ઘર નંબર સુધી**	
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૧	૪	૦	૦	૫૮૨	૧ થી ૧૦૧	શાળા નં.૧૨ ની સામેનો વિસ્તાર, નીલમ પાર્ક કોમ્પ્લેક્ષ
૧	૫	૪૨૧	૦	૮૪૦	૧ થી ૧૫૬	અનુસૂચિત જાતિ વિસ્તાર, શાળા નં.૧૨ પાસેનો મસ્જીદ પાસેનો વિસ્તાર
૧	૬	૪૫૯	૦	૬૨૪	૧ થી ૧૨૯	ચીભડીયાવાસની સામે શાળા નં.૧૨ ની પાસેનો વિસ્તાર
૧	૭	૦	૦	૪૮૯	૧ થી ૮૪	હોટલ હેવન સામે જૂનું હાઉસિંગ બોર્ડ વિસ્તાર
૧	૮	૦	૦	૪૭૨	૧ થી ૯૬	વિનોદ ડિહાઈડ્રેશન, રેલ્વે સ્ટેશન પાસેનો વિસ્તાર
૧	૯	૪૨૫	૦	૫૫૧	૧ થી ૯૯	રેલ્વે ક્વાર્ટર્સ આજુબાજુનો વિસ્તાર
૧	૧૦	૧૧૮	૦	૫૮૦	૧ થી ૯૯	કે.કે. મીલની સામેનો વિસ્તાર
૧	૧૧	૦	૦	૬૬૫	૧ થી ૧૨૬	મેઘરાજ સિનેમા સામેનો ઝુપડપટ્ટી વિસ્તાર
૧	૧૨	૨૫	૦	૬૭૯	૧ થી ૧૧૮	ઈન્દિરાનગર વિસ્તાર
૧	૧૫	૭૨	૦	૨૦૪	૧ થી ૩૯	વિનોદ ડીહાઈડ્રેશન થી માર્કેટિંગ યાર્ડ તરફ કાળા ડેલા સુધીનો વિસ્તાર
૧	૧૬	૦	૦	૩૪	૧ થી ૫	માર્કેટિંગ યાર્ડ મેઈન દરવાજા પાસેનો વિસ્તાર
૧	૧૭	૦	૦	૧૦૩	૧ થી ૨૭	આનંદઘન કોમ્પલેક્ષ, બસ સ્ટેન્ડ પાસેનો વિસ્તાર
૧	૧૮	૦	૦	૦	૦ થી ૦	માર્કેટિંગ યાર્ડમાં કમીશન એજન્ટની ઓફિસો
૧	૧૯	૦	૦	૦	૦ થી ૦	માર્કેટિંગ યાર્ડમાં કમીશન એજન્ટની ઓફિસો
૧	૨૦	૦	૦	૦	૦ થી ૦	માર્કેટિંગ યાર્ડ થી મ્યુની. શોપિંગ સેન્ટર સુધીનો વિસ્તાર
૧	૨૧	૦	૦	૦	૦ થી ૦	નવા બસ સ્ટેન્ડ પાસેનો મ્યુની. શોપિંગ સેન્ટર વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૪૦	૧૦	૫	૭૧૨	૧ થી ૧૧૮	જુની હાઉસિંગ કોલોની, હોટલ હેવન સામે
૧	૧૬૦	૦	૦	૭૧૧	૧ થી ૧૧૩	મહેંદી બાગ, આશીયાના સોસાયટી
૧	૧૬૧	૦	૦	૭૮૪	૧ થી ૧૩૨	મહેંદી બાગ, નઝફ સોસાયટી
૧	૧૬૨	૦	૦	૭૯૮	૧ થી ૧૧૭	ફાતેમા સોસાયટી
૧	૧૬૩	૦	૦	૭૩૩	૧ થી ૧૨૬	ફાતેમા સોસાયટી
૧	૧૬૪	૦	૦	૭૯૬	૧ થી ૧૩૬	ફાતેમા સોસાયટી
૧	૧૭૮	૦	૦	૭૮૦	૧ થી ૧૧૮	અમૃતબજાર

વોર્ડ નં. ૧

વોર્ડ નં. ૧ ના વાયવ્ય ખુણે માલણ નદીના કાંઠે થઈ ઉત્તર તરફ ચાલતા મોજે. ઉમણીયાવદરના સિમાડે સ.નં. ૧૯૭/૨, ૧૯૪, ૧૯૩ ના સિમાડે થઈ ગણપતી મંદીર, હનુમંત સ્કૂલ વાળો વિસ્તાર ત્યાંથી પૂર્વ તરફ નેશનલ હાઈવે-૫૧ તરફ ચાલતા સ.નં. ૧૯૦, ૧૮૭, ૧૮૮, ૧૮૯ નો સિમાડો, ત્યાંથી દક્ષીણ તરફ ચાલતા મોજે. વડલીના સિમાડે સ.નં. ૧૮૮, ૧૮૭, ૧૬૯ નો સિમાડો તથા દક્ષીણ-પૂર્વ તરફ મહુવા-ભાવનગર જૂના રોડની હદે કૈલાસ ગુરુકુળ થઈ માલણ નદી સુધી ત્યાંથી ઉતર-પૂર્વ દિશાએ માલણ નદીના કિનારે થઈ દક્ષીણ-પૂર્વ દિશામાં આવેલ નજફ સોસાયટી, વંડર પાર્ક ત્યાંથી પશ્ચીમ તરફ ચાલતા નવા બસ સ્ટેશન વિસ્તાર ત્યાંથી વોર્ડ નં.૨ ની હદે હદે પશ્ચીમ તરફ લેબર હાઉસ, દક્ષીણ તરફ વોર્ડ નં. ૨ ની હદે હદે શાળા નં.૧૨ થી ઉતર તરફ રેલ્વે પાટાની હદે હદે ત્યાંથી પશ્ચીમ તરફ રેલ્વેની હદે હદે નૈઋત્ય ખુણાથી ઉત્તર તરફ મોજે. નેસવડના સિમાડે સિમાડે હનુમંત બંગ્લોઝ તરફ નેસવડનાં સીમાડે સીમાડે પૂર્વથી દક્ષિણ દિશા તરફ ચાલતા ચલતા સ્વામીનારાયણ સોસા. શાળાથી પૂર્વ તરફ રેલ્વેના પાટાની હદે હદે ઉત્તર તરફ જતાં મ્યુની. શાળા નં.૧૪ ની આગળ ચાલતા ચાલતા નેશનલ હાઈવેના સમાવિષ્ટ ભાગ સાથે પૂર્વ તરફ મોજે. ઉમણીયાવદરના સિમાડે ઉત્તર તરફ ચાલતા લઘુ ઉદ્યોગના પ્લોટના સમાવિષ્ટ વિસ્તાર ત્યાંથી પૂર્વ તરફ મોજે. નેસવડના સિમાડે નવા બસ સ્ટેન્ડથી ઉમણીયાવદરના રસ્તાને ક્રોસ કરી માલણ નદીના વાયવ્ય ખુણા સુધીનો વિસ્તાર.

સદરહુ વોર્ડ નં.૧ મા સમાવિષ્ટ વિસ્તારોમાં એ.પી.એમ.સી. મહુવા, નવુ બસ સ્ટેન્ડ, શાળા નં.૧૪, નાયરા પેટ્રોલ પંપ, મેઘરાજ સિનેમા, ઝહેરા ગાર્ડન સોસાયટી, ફાતેમા સોસાયટી, અબ્બાસી મિશન, રેઝા પાર્ક સોસાયટી, ઉમણીયાવદરની નળ તરીકે ઓળખાતા વિસ્તાર, લેબર ક્વાટર, હબીબ વાલજી હોસ્પીટલ વાળો વિસ્તાર, વિગેરનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨૨	૦	૦	૭૯૭	૧ થી ૧૪૫	નુતન નગર, ફાતેમા પાર્ક, જાફરી પાર્ક, આંબાવાડી વિસ્તાર
૨	૨૩	૩૦	૧૦	૩૬૬	૧ થી ૫૨	પોલીસ લાઈન ક્વાટર્સ, માળીની વાડીનો વિસ્તાર, નુરામાવાનો ખાંચો, બલોચ શેરી, ભાદ્રોડ ગેઈટ સુધીનો વિસ્તાર
૨	૨૪-એ	૦	૦	૭૨૦	૧ થી ૧૦૯	મદીના બાગ, મુનીવર સોસાયટી
૨	૨૪-બી	૦	૦	૪૫૫	૧ થી ૭૩	મુનીવર સોસાયટી
૨	૨૫	૩૧૭	૦	૫૬૮	૧ થી ૮૫	ખાટકીવાડથી મુનીવર સોસાયટી

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨૬	૦	૦	૮૧	૧ થી ૧૨	સંઘના ડેલા થી જે.એફ.કોમ્પ્લેક્ષ સુધી તેમજ જુના બગીચા ચોક સુધીનો વિસ્તાર
૨	૨૭	૦	૦	૧૧૮	૧ થી ૧૭	પરશીવલ પરા વિસ્તાર
૨	૨૮	૦	૦	૨૦૦	૧ થી ૩૬	પરશીવલપરા
૨	૨૯	૦	૦	૩૬૪	૧ થી ૬૧	પરશીવલપરા પાસે ભારત પેટ્રોલ પંપ સામેનો વિસ્તાર, નોમની બજાર, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, વી.ટી.કોમ્પ્લેક્ષ, જાનકી કોમ્પલેક્ષ
૨	૩૦	૦	૦	૩૫૭	૧ થી ૫૯	ડોક્ટર હાઉસ, ગુરુદેવ સ્મૃતિ એપાર્ટમેન્ટ, વસુંધરા એપાર્ટમેન્ટ, પાશ્વનાથ એપાર્ટમેન્ટ, જય હોસ્પિટલ
૨	૩૧	૦	૧૦	૩૬૮	૧ થી ૫૬	પી.જી.વી.સી.એલ.ઓફીસ પાછળનો વિસ્તાર તથા એલ.આઈ.સી ઓફીસ સામેનો વિસ્તાર
૨	૩૨	૦	૦	૩૮૯	૧ થી ૭૮	રા-વંશ હોટલ, કાઝમૈન કોમ્પ્લેક્ષ, કાઝમૈન પાર્ક, વિવેક વિહાર એપાર્ટમેન્ટ
૨	૩૩	૦	૪	૪૯૭	૧ થી ૯૯	કૈલાસ એપાર્ટમેન્ટ, શિવ કોમ્પ્લેક્ષ, ગાંધી ક્વાર્ટર્સ, વૃદ્ધાશ્રમ સુધીનો વિસ્તાર
૨	૩૪	૦	૦	૩૫૪	૧ થી ૭૦	કુબેરબાગ પાછળ, સંતકૃપા એપાર્ટમેન્ટ, નીલકંઠ ટાવર,મધુરમ એપાર્ટમેન્ટ
૨	૩૫	૦	૦	૧૪૧	૧ થી ૩૬	બુસા એપાર્ટમેન્ટ, સોમનાથ એપાર્ટમેન્ટ, અંજલી ફ્લેટ, વિજયપાર્થ ટાવર
૨	૩૬	૩	૦	૨૬૧	૧ થી ૬૯	જનરલ હોસ્પિટલ, રાધેશ્યામ મંદિર પાસેનો વિસ્તાર
૨	૩૭	૦	૦	૨૬	૧ થી ૪૭	ટી.સી.પેટ્રોલ પંપ પાસેનો વિસ્તાર, જુના બગીચા ચોક, સિલ્વર કોમ્પ્લેક્ષ, મંગલમૂર્તિ કોમ્પ્લેક્ષ, એમ.એમ.શોપિંગ સેન્ટર પાસેનો વિસ્તાર
૨	૩૮	૦	૦	૧૩૭	૧ થી ૧૯	મેઘદૂત સિનેમા થી પોલીસ સ્ટેશન સુધીનો વિસ્તાર
૨	૩૯	૦	૦	૨૧	૧ થી ૫	રા-વંશ હોટલ થી રીલાયન્સ પેટ્રોલપંપ સુધીનો વિસ્તાર
૨	૪૧	૦	૦	૩૫૮	૧ થી ૬૦	ધાવડી ચોક, જૂનો ઘાંચીવાડ, ભાદ્રોડ ગેઇટ થી ધાવડી ચોક સુધીનો વિસ્તાર
૨	૪૨	૦	૦	૩૨૫	૧ થી ૫૪	ધાવડી ચોક, હોટલ બ્લ્યુ ડાયમંડ સામે પીરની દરગાહ સુધીનો વિસ્તાર, હમદાની ફર્નીચર થી ઈશ્વર પ્રેસ સુધીનો વિસ્તાર
૨	૪૩	૦	૦	૯૮	૧ થી ૧૮	નાગરિક બેંકથી બોમ્બે ગેસ્ટ હાઉસ સુધીનો મુખ્ય રસ્તો
૨	૪૫	૦	૦	૧૭૫	૧ થી ૩૩	બાલાજી હનુમાન મંદિર થી ઈશ્વર પ્રેસ સુધીનો વિસ્તાર, લોકડિયા શેરી
૨	૪૮	૦	૦	૪૧૫	૧ થી ૮૦	નાળીયેરી કુવા થી કંડોળીયા શેરી સુધીનો વિસ્તાર
૨	૪૯	૦	૦	૨૧૦	૧ થી ૪૪	તોરણીયા કુવા થી પ્રા.શાળા નં.૨ સુધીનો વિસ્તાર
૨	૫૦	૦	૦	૩૬૯	૧ થી ૫૯	શાળા નં.૨ કન્યા શાળાની સામેથી શાળા નં.૮ સુધી જૂની પોસ્ટ ઓફીસ સુધીનો વિસ્તાર
૨	૫૮	૦	૮	૭૮૬	૧ થી ૧૩૯	ચારાપીઠ વિસ્તાર, જમાતખાના મદ્રેસા સુધીનો વિસ્તાર
૨	૧૬૯	૦	૦	૭૩૦	૧ થી ૧૧૩	મેમણ કોલોની

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૭૦	૦	૦	૬૩૨	૧ થી ૧૧૬	મેમણ કોલોની, અબુ તાલીબ નગર, જાફરી સ્કૂલની સામેનો વિસ્તાર
૨	૧૭૭-એ	૦	૦	૮૪૫	૧ થી ૧૨૮	મૌલાના અબ્દુલ કલામ આઝાદ સોસાયટી, માળીની વાડી
૨	૧૭૭-બી	૦	૦	૧૪૮	૧ થી ૨૬	મૌલાના અબ્દુલ કલામ આઝાદ સોસાયટી

વોર્ડ નં. ૨

વાયવ્ય ખૂણા પર આવેલ મ્યુની. શોપિંગ સેન્ટરથી ચાલુ કરી પૂર્વ દિશા તરફ જતા સ્ટેશન રોડ પર ચાલતા પાવર હાઉસ સુધીનો વિસ્તાર ત્યાંથી નૈઋત્ય દિશામાં સર્વે નંબર ૪૧૬ ની હદે હદે માળીની વાડી ત્યાંથી પૂર્વ દિશામાં આવેલ તલગાજરડાની નળ તરીકે ઓળખાતો વિસ્તાર, ત્યાંથી પૂર્વ દિશામાં વોર્ડ નંબર ૩ ની હદની સાથેની હદ આવેલ છે ત્યાંથી દક્ષિણ દિશામાં વોર્ડ નંબર ૩ ના સીમાડો આવેલ છે ત્યાંથી પૂર્વ તરફ જતા ચારાપીઠ, જમાતખાના વિસ્તાર ત્યાંથી પૂર્વ દિશામાં બગીચા ચોક, પોલીસ સ્ટેશન વિસ્તાર આવેલ ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલતા ધાવડી ચોક, કંડોળીયા શેરી, વાસી તળાવ રોડ વિસ્તાર આવે છે તેનાથી પૂર્વ દિશાએ વોર્ડ નંબર ૩ ની હદે હદે વાઘેશ્વરી મંદિર, જૈન બાલાશ્રમ થઈ હોસ્પિટલ રોડ પર થઈ ગાંધીબાગ સુધીનો વિસ્તાર આવેલો છે ત્યાંથી ઉત્તર દિશામાં કુબેરબાગ સુધીનો વિસ્તાર આવેલો છે ત્યાંથી ઉત્તર દિશામાં ચાલતા મ્યુનિસિપલ શોપિંગ સેન્ટર આવેલ છે.

સદર વોર્ડ નં.૨ માં માળીની વાડી, કંડોળીયા શેરી, પરશીવલપરા, નુતન ઉપાશ્રય, જુનુ એસ.ટી. સ્ટેશન, પાવરહાઉસ, કુબેરબાગ, આંબાવાડી, મેઘદુત સિનેમા વિસ્તાર, નિલકંઠ એપાર્ટમેન્ટ, સંતકૃપા એપાર્ટમેન્ટ, ગુરૂદેવ સ્મૃતિ એપાર્ટમેન્ટ, એમ.એન. સ્કૂલ, પોલીસ સ્ટેશન, તાલુકા શાળા, વાસી તળાવ રોડ વિસ્તારનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૫૧	૦	૦	૧૦૨	૧ થી ૨૦	ભાદ્રોડ ઝાંપાથી શરાફ બજાર સુધીનો વિસ્તાર
૩	૫૨	૦	૦	૪૧૭	૧ થી ૬૯	ખૂની ખાંચાથી પીરજાદા ચોક સુધીનો વિસ્તાર
૩	૫૩	૦	૦	૬૩૨	૧ થી ૯૦	કેબીન ચોક વિસ્તાર
૩	૫૪	૦	૦	૫૭૯	૧ થી ૯૯	સંઘેડીયા બજાર વિસ્તાર
૩	૫૫	૦	૦	૪૪૦	૧ થી ૭૭	હુસૈની ચોક સામેથી વોરાવાડ સુધીનો વિસ્તાર
૩	૫૬	૦	૦	૬૬૭	૧ થી ૧૩૨	વોરાવાડથી ભાદ્રોડના ઝાંપા સુધીનો વિસ્તાર
૩	૫૭	૦	૦	૪૯૧	૧ થી ૭૯	ભાદ્રોડ ઝાંપા પોલીસ ચોકી સામેનો ઘંટીવાળો ખાંચો
૩	૫૯	૦	૦	૭૭૨	૧ થી ૧૦૯	ખરેડીયા મહોલ્લો
૩	૬૦	૦	૦	૬૧૭	૧ થી ૧૦૮	લાયબ્રેરી પાછળનો વિસ્તાર
૩	૬૧	૯૭	૦	૬૦૮	૧ થી ૧૧૪	સંઘેડિયા બજાર
૩	૬૨	૦	૦	૬૫૩	૧ થી ૧૧૮	પ્રા.શાળા નં.૪ ની પાછળ, ખત્રીની નળ, વાઘનગરની નળ
૩	૬૩	૦	૦	૩૭૩	૧ થી ૬૭	વાઘનગરની નળ થી તંબોળીની નળ સુધીનો વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૬૪	૦	૦	૩૯૭	૧ થી ૮૧	તંબોળીની નળ
૩	૬૫	૦	૦	૬૬૩	૧ થી ૧૦૨	એલ.બી.ના ડેલાથી ભાદ્રોડ ઝાંપા બરફના કારખાના સુધીનો વિસ્તાર
૩	૬૮	૦	૦	૩૮૯	૧ થી ૭૬	વલીભાઈનો ચોક, શેઠ શેરી
૩	૧૭૧	૦	૦	૬૧૬	૧ થી ૧૧૧	સાદાત કોલોની, શાંતિબાગ, અબુ તાલીબ મદ્રેસા
૩	૧૭૨-એ	૦	૦	૭૯૮	૧ થી ૧૩૧	સાદાત કોલોની, શાંતિબાગ
૩	૧૭૨-બી	૦	૦	૪૧૨	૧ થી ૮૩	રાજાણીનગર પાસેનો વિસ્તાર
૩	૧૭૩	૦	૧૫	૬૨૫	૧ થી ૧૧૫	ગુરૂકુળ સામે ઋષિકેષ એપાર્ટમેન્ટ, ભાવના એપાર્ટમેન્ટ, દરબારી વાડી, જુનો વાઘનગર રોડ, માળીની વાડી, રાજાણી નગર, સૈફી સોસાયટી
૩	૧૭૯	૦	૦	૬૯૯	૧ થી ૧૦૯	હેન્ડલ નગર, હુસૈની નગર
૩	૧૮૦	૦	૦	૫૮૬	૧ થી ૧૦૨	હેન્ડલ નગર
૩	૧૮૧	૦	૦	૪૮૮	૧ થી ૮૪	રામદૂતનગર

વોર્ડ નં. ૩

વાયવ્ય ખુણે આવેલ સાદાત કોલોનીથી દક્ષિણ તરફ જતાં માલણ નદીના પૂલ પરથી વોર્ડ નંબર.૨ ની હદે હદે પૂર્વ તરફ ચાલતા ચાલતા ભાવના એપાર્ટમેન્ટ., ઋષીકેષ નગર, સ.નં.૧૩૯/૧ની હદે થઈ હેન્ડલ નગરના ખુણાથી દક્ષીણ તરફ મોજે-વડલી ગામના સીમાડે સીમાડે વાઘનગર તરફના રસ્તે ચાલતા હુસેની નગર, રામદુત નગર થઈ વાઘનગરના સીમાડે સીમાડે દક્ષીણ તરફ સ.નં. ૧૩૦, ૧૨૮, ૧૨૭, ૧૨૬, ૧૨૫, ૯૫ની હદે ચાલતા વોર્ડ નં.૪ના ખુણાથી પશ્ચિમ તરફ વોર્ડ નંબર ૪ની હદે હદે સર્વે નંબર ૯૫ની હદે હદે માલણ નદીને ક્રોસ કરી વોર્ડ નંબર ૪ની હદે હદે રાજણી નગર વિસ્તારમાં થઈ મહુવા શહેરના રસ્તાને ક્રોસ કરતા વોર્ડ નંબર ૪ ની હદે થઈ વલીભાઈ ચોકની બાજુનો વિસ્તારથી ઉત્તર તરફ વોર્ડ નંબર ૫ની હદે થઈ સંઘેડીયા બજાર વિસ્તારથી સોની બજારનો ખાંચા આગળા જતા કેબીન ચોક વિસ્તારે થઈ ઉત્તર તરફ વોર્ડ નંબર-૨ની હદે હદે ચાલતા કબ્રસ્તાન થઈ વોર્ડ નંબર.૨ ની હદે હદે વાયવ્ય ખુણે આવેલ સાદાત કોલોની સુધીનો વિસ્તાર.

સદર વોર્ડ નંબર-૩ માં સમાવિષ્ટ વિસ્તારમાં સાદાત કોલોની, મેમણ કોલોની, માલણ નદીનો પૂલ, ભાવના એપાર્ટમેન્ટ, ઋષિકેશ નગર, હેન્ડલ નગર, હુસેની નગર, રામદુત નગર, રાજાણી નગર, પોસ્ટ ઓફીસ વિસ્તાર, સંઘેડીયા બજાર, મસ્જીદવાળો વિસ્તાર, વલીભાઈ ચોક વિસ્તાર, ભાદ્રોદ ઝાંપા વિસ્તાર, કબ્રસ્તાન વિગેરે વિસ્તારનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮

મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૪૪	૦	૦	૧૮૯	૧ થી ૩૬	નરસિંહ ભગવાન મંદિર થી ખીમનાથ મંદિર, વાલા હેમાનો ખાંચો
૪	૪૬	૦	૦	૨૯૭	૧ થી ૬૬	કંડોળિયા શેરી થી શાક માર્કેટ સુધીનો વિસ્તાર
૪	૪૭	૦	૦	૦	૧ થી ૨	વાસી તળાવ, મ્યુની શોપીંગ સેન્ટર
૪	૬૬	૦	૦	૭૨૪	૧ થી ૧૨૩	ડબગર શેરી, મેમણ શેરી

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૬૭	૦	૦	૩૯૩	૧ થી ૬૪	ભરવાડ શેરી
૪	૬૯	૦	૦	૪૬૪	૧ થી ૯૫	નાગરવાડા
૪	૭૦	૦	૦	૫૯૮	૧ થી ૧૧૨	મોચી ચોક
૪	૭૧	૧૮	૦	૪૩૯	૧ થી ૭૮	કતપર રોડ, ભવાની ગેટથી ભવાની મંદિર તરફનો વિસ્તાર
૪	૭૨	૦	૦	૫૦૯	૧ થી ૧૦૬	મોતી ચોક, વાધરકુવો, કરચલીયા પરા, સુખનાથ શેરી
૪	૭૩	૦	૦	૬૦૦	૧ થી ૧૦૮	વલ્લભ બાગ, કાના પારેખ ચોક, ખોડીયાર મંદિર, શામળિયા શેરી
૪	૭૪	૦	૦	૫૩૨	૧ થી ૧૧૨	સુથાર શેરી , પીપળાવાળી શેરી
૪	૭૫	૦	૦	૩૭૪	૧ થી ૬૪	ભરવાડ શેરી, હનુમાનજી મંદિર, સ્વામીનારાયણ મંદિર
૪	૭૬	૦	૦	૩૮૬	૧ થી ૬૪	લાતી બજાર, સોની બજાર, ભવાની રોડ
૪	૧૪૯	૦	૦	૪૭૦	૧ થી ૮૨	સુવિધા પાર્ક થી નગરપાલિકા સ્કૂલ સુધીનો વિસ્તાર
૪	૧૫૦	૦	૦	૩૦૦	૧ થી ૫૭	લાતી બજાર
૪	૧૫૧	૦	૦	૮૧૯	૧ થી ૧૧૦	ખરક જ્ઞાતિ કન્યા છાત્રાલય પાસેનો વિસ્તાર
૪	૧૫૨	૦	૦	૬૦૩	૧ થી ૮૧	બારપરા મોટી શેરી
૪	૧૫૩	૩	૦	૬૫૫	૧ થી ૧૦૦	રામજી મંદિરથી વિશ્વકર્મા સો મીલ સુધીનો વિસ્તાર
૪	૧૫૪-એ	૦	૦	૬૪૬	૧ થી ૯૭	બંદર રોડ વિસ્તાર
૪	૧૫૪-બી	૦	૦	૩૨૬	૧ થી ૫૦	વોરા કબ્રસ્તાન થી મહાલક્ષ્મી મંદિર સુધીનો વિસ્તાર
૪	૧૫૭	૨	૦	૬૬૮	૧ થી ૧૪૦	વાસી તળાવ, સાંખલીવાવ તથા નગરપાલિકાની આજુબાજુનો વિસ્તાર
૪	૧૫૮	૦	૦	૬૫૩	૧ થી ૧૩૬	સાંખલીવાવ, પંડ્યા શેરી, જૈન દેરાસર સુધીનો વિસ્તાર
૪	૧૫૯	૦	૦	૯૩	૧ થી ૧૯	જૈન દેરાસરથી નગરપાલીકાની સામેના ખાંચા સુધીનો વિસ્તાર
૪	૧૭૪	૦	૦	૬૭૯	૧ થી ૧૩૫	ભવાની રોડ વાડી વિસ્તાર, બહુચર નગર, પ્લાન્ટેશન સામેની ઝુપડપટ્ટી
૪	૧૭૫	૦	૦	૩૯૭	૧ થી ૮૪	પ્લાન્ટેશન સામેની ઝુપડપટ્ટી તેમજ આજુબાજુનો વાડી વિસ્તાર

વોર્ડ નં. ૪

વાયવ્ય ખુણે આવેલ નગરપાલિકા કચેરીથી પૂર્વ દિશાએ વોર્ડ નં. ૩ ની હદે હદે એસ.બી.આઈ. બેંક, શાક માર્કેટથી દક્ષિણ તરફ ચાલતા દરબારગઢ વિસ્તાર, હવેલી શેરીથી દક્ષિણ તરફ ચાલતા નાગરવાડા વિસ્તારે થઈ, માલણ નદી ક્રોસ કરી સ.નં.૭૮, ૧૦૭, ૧૦૬, ૧૦૪, ૧૦૩, ૯૮, ૯૫ માંથી થઈ દક્ષીણ તરફ મોજે. વાઘનગરના સિમાડે સિમાડે સ.નં. ૯૫ માંથી થઈ પશ્ચીમ દિશાએ મોજે કતપરના સિમાડે સિમાડે સ.નં.૯૫ માં થઈ દક્ષીણ દિશાએ મોજે.કતપરના સિમાડે સિમાદે સ.નં. ૯૫, ૪૩૪ પૈકીમાં આવેલ મીઠાનાં આગરો તથા ૪૩૩ પૈકી ની હદે હદે થઈ ઉતર તરફે વોર્ડ નં.૯ ની હદે હદે સ.નં. ૪૩૩, માલણ લોઅર બ્રીજ, સ.નં. ૯૫ થી આગળ જતા બાગાયત અધિકારીશ્રીની કચેરી થઈ માલણ નદી ક્રોસ કરી બારપરા વિસ્તારમાંથી થઈ કસ્ટમ ઓફીસ, ગોરડીયા કોમ્પ્લેક્ષ,ગૌશાળા રોડ થઈ વાયવ્ય ખુણે આવેલ નગરપાલિકા કચેરી સુધી.

સદર વોર્ડ નં. ૪ માં નગરપાલિકા વિસ્તાર, ગૌશાળા, નાગરવાડો, ભગતજી મહારાજનુ મંદીર, માલણ નદી, કૃષી સંશોધન કેન્દ્ર, પ્લાટેશન પ્રાથમીક શાળા, બાગાયત અધિકારીશ્રીને કચેરી, કસ્ટમ ઓફીસ, ગોરડીયા કોમ્પ્લેક્ષ વિસ્તારોનો સમાવેશ થાય છે. તેમજ રેવન્યુ સર્વે નંબર ૬૬, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮પૈકી, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૨, ૪૭૦, ૪૩૩ સર્વે નંબરોનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૭૭	૦	૦	૭૩૬	૧ થી ૧૩૬	કુંભાર વાડો, નીલમ એપાર્ટમેન્ટ, સેતુબંધ એપાર્ટમેન્ટ
૫	૭૮	૧૨	૫	૫૩૨	૧ થી ૯૪	બંદર રોડ, દેવળિયા રોડ, જે.પી.પારેખ હાઈસ્કૂલ પાસેનો વિસ્તાર, આનંદ પાર્ક
૫	૭૯	૦	૦	૫૧૫	૧ થી ૮૩	તોરણ એપાર્ટમેન્ટથી આદિનાથ એપાર્ટમેન્ટ સુધીનો વિસ્તાર
૫	૮૦	૦	૦	૮૧૯	૧ થી ૧૪૦	જનતા પ્લોટ વિસ્તાર
૫	૮૧	૦	૦	૬૯૭	૧ થી ૧૧૩	સેતુબેંધ એપાર્ટમેન્ટથી ગાધકડા બજાર, જે.પી. સ્કૂલની પાછળનો વિસ્તાર
૫	૮૨	૦	૪	૮૪૩	૧ થી ૧૫૬	જૂનો કુંભાર વાડો
૫	૮૩	૬	૦	૪૪૩	૧ થી ૭૯	અક્ષરદીપ કોમ્પ્લેક્ષ થી જે.પી.સ્કૂલ સુધીનો વિસ્તાર
૫	૮૪	૦	૦	૩૯૦	૧ થી ૬૦	કુંભારવાડો
૫	૮૫	૦	૦	૩૨	૧ થી ૭	હોસ્પિટલ રોડ કુંભારવાડા બાજુનો વિસ્તાર (શ્રીજી માર્કેટ, ધામી કોમ્પ્લેક્ષ, સ્ટાન્ડર્ડ કોમ્પલેક્ષ પાછળનો વિસ્તાર)
૫	૮૬	૦	૦	૨૩૨	૧ થી ૩૫	વાસી તળાવ થી ગાંધી બાગ રોડનો વિસ્તાર
૫	૮૭	૦	૦	૪૫૨	૧ થી ૮૨	બાળક બાગ સામેથી ગાધકડા બજાર સુધીનો વિસ્તાર
૫	૮૮	૦	૦	૫૫૦	૧ થી ૧૨૦	ગાંધી વસાહત સ્લમ નં-૧ થી પ્રા.શાળા નં-૫ સુધી
૫	૮૯	૦	૨	૩૬૪	૧ થી ૬૨	પ્રા.શાળા નં-૫ સામે મગનભાઈ કરશનભાઈ ચોક સુધીનો વિસ્તાર
૫	૯૦	૦	૦	૭૩૨	૧ થી ૧૨૫	મેવાડા બોર્ડીંગ, સગર શેરી, દાસારામ મંદિર પાસેનો વિસ્તાર
૫	૯૧	૦	૦	૪૮૦	૧ થી ૮૬	દાસરામ મંદિરથી આગરીયા શેરી સુધીનો વિસ્તાર
૫	૯૨-એ	૦	૦	૮૫૫	૧ થી ૧૩૫	જનતા પ્લોટ
૫	૯૨-બી	૦	૦	૩૨૧	૧ થી ૫૦	જનતા પ્લોટ
૫	૯૩	૦	૦	૬૮૨	૧ થી ૧૦૭	શાળા નં.૫ પાસેનો વિસ્તાર
૫	૯૪	૧૩૬	૦	૬૨૫	૧ થી ૧૦૫	તળપદા કોળી જ્ઞાતિની વાડી થી વાલ્મીકી વાસ સુધીનો વિસ્તાર
૫	૯૮	૦	૦	૨૨૦	૧ થી ૪૪	લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી તથા બાળકબાગ સુધીનો વિસ્તાર

વોર્ડ નં. ૫

વોર્ડ નં.૫ ના વાયવ્ય ખુણે આવેલ સુર્ય બંગ્લોઝથી ઉત્તર પૂર્વ તરફ જતા કુંભારવાડા વિસ્તાર તથા પૂર્વ દિશા તરફ જે.પી.પારેખ હાઈસ્કૂલથી દક્ષિણ દિશા તરફ જતાં અગ્નિ ખૂણામાં આવેલ મહુવા જીનીંગ પ્રેસથી વોર્ડ નં.૪ ની ત્રાંસી હદે હદે થઈ દક્ષીણ તરફ વોર્ડ નં.૯ ની હદે હદે પશ્ચિમ તરફ ચાલતા ચાલતા વોર્ડ નં. ૯ ના ખુણે મોરારી હનુમાન મંદીર થઈ પશ્ચિમ તરફ ચાલતા ચાલતા ઉતર તરફે વોર્ડ નં. ૮ ની હદે હદે ચાલતા ચાલતા જનતા પ્લોટ-બી વિસ્તારમા થઈ વોર્ડ નં. ૬ ની હદે થઈ જનતા પ્લોટ-એ થી આગળ ચાલતા સુર્ય બંગ્લોઝ સુધીનો સમગ્ર વિસ્તાર.

સદર વોર્ડ નં. ૫માં સુર્ય બંગ્લોઝ, કુંભારવાડા, જે.પી. પારેખ સ્કૂલ, પશુ દવાખાનું, ખોજા કબ્રસ્તાનથી માસુમભાઈની વાડી, જનતા પ્લોટ-એ, જનતા પ્લોટ-બી, મહુવા જીનીંગ પ્રેસ, મહુવા પ્રાથમિક શાળા, મોરારી હનુમાન, દાસારામ મંદીર વિસ્તારનાં સમાવિષ્ટ વિસ્તારનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	**સેન્સસના બ્લોક નંબરની વિગત**				**સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત**	**બ્લોકના વિસ્તારની વિગત**
	બ્લોક નંબર	**અ.જા. વસતી**	**અ.જ.જા વસતી**	**કુલ વસતી**	**ઘર નંબરથી ઘર નંબર સુધી**	
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૬	૧	૦	૦	૩૮૮	૧ થી ૭૩	કુબેરનાથ મંદિરની સામેનો ઝૂપડપટ્ટી વિસ્તાર
૬	૯૯	૦	૦	૫૩૦	૧ થી ૧૧૩	રાધિકા એપાર્ટમેન્ટ થી હોસ્પિટલ સુધીનો વિસ્તાર
૬	૧૦૦	૦	૦	૨૯૪	૧ થી ૭૧	ગાંધીબાગ પાછળનો વિસ્તાર, માધવ એપાર્ટમેન્ટ, કાપડીયા કોમ્પલેક્ષ
૬	૧૦૧	૦	૦	૫૯૪	૧ થી ૧૩૬	આદિનાથ સોસાયટી, ગણેશ પાર્ક
૬	૧૦૨	૦	૦	૪૯૮	૧ થી ૧૦૧	બાવળીયા હનુમાનજી મંદિરથી સરદાર પટેલ વસાહત સુધીનો વિસ્તાર
૬	૧૦૩	૦	૦	૭૫૨	૧ થી ૧૨૩	સર્વોદય સોસાયટી, કોલેજ પાસે તપોવન હનુમાન મંદિર સુધીનો વિસ્તાર
૬	૧૦૪	૦	૦	૫૩૯	૧ થી ૧૧૯	વર્ધમાન સોસાયટી, ભાગ્યોદય સોસાયટી, મિતુલ પાર્ક, ઉદય એપાર્ટમેન્ટ, તુલસી એપાર્ટમેન્ટ, માધવી-એ, મંગલમ એપાર્ટમેન્ટ
૬	૧૦૫	૦	૦	૫૪૬	૧ થી ૧૨૫	માધવી-બી, સંયોગ સોસાયટી, ઉમા ફ્લેટ, સારસ્વત સોસાયટી, માકૃતિ એપાર્ટમેન્ટ, કેસરીનંદન સોસાયટી
૬	૧૦૬	૦	૦	૭૨૫	૧ થી ૧૨૩	વૃંદાવન સોસાયટી, ભાલારીયાની વાડી, મહાકાળી નગર
૬	૧૦૭	૦	૦	૫૮૨	૧ થી ૧૧૦	વિશ્વાસ નગર, માનવ મંદિર સ્કૂલ પાસેનો વિસ્તાર, દિશા ફ્લેટ, રુક્મણી એપાર્ટમેન્ટ, નીલધારા એપાર્ટમેન્ટ, સાધના સદન ફ્લેટ
૬	૧૦૮	૦	૦	૫૫૮	૧ થી ૯૪	મહાકાળી નગર, વિજયનગર, મીરાં પાર્ક, પાર્થ ફ્લેટ
૬	૧૧૭	૩	૫	૮૦૫	૧ થી ૧૪૯	શીતલ સોસાયટી, રાધા પાર્ક, કેશવ નગર
૬	૧૩૨	૦	૦	૫૦૩	૧ થી ૮૧	કૃષ્ણ સોસાયટી, ગુજરાત સોસાયટી
૬	૧૩૩	૦	૦	૬૧૭	૧ થી ૧૧૬	ગુજરાત સોસાયટી, રેલ્વે પાટાવાળી ઝૂપડપટ્ટી છેલ્લી લાઈન
૬	૧૩૪	૨	૦	૮૮૩	૧ થી ૧૭૦	ગોકુળ નગર-એ, પાયલ એપાર્ટમેન્ટ
૬	૧૩૫	૦	૦	૮૦૦	૧ થી ૧૪૫	મોટા જાદરા રોડ, કોલેજ હોસ્ટેલ રોડ, શ્રીનાથજી સોસાયટી, ભારત નગર
૬	૧૩૬	૩૭	૦	૬૬૩	૧ થી ૧૧૬	ભારતનગર, ભીષ્મનગર, વિદૂરનગર

વોર્ડ નં. ૬

વોર્ડ નં.૬ ના વાયવ્ય ખૂણે આવેલ રાધા પાર્કથી પૂર્વ દિશાએ ગોકૂળધામ ફ્લેટ થી પૂર્વ દિશાએ ગાંધીબાગ રોડ તરફ મોરારીબાપુનાં ઘરથી ગાંધીબાગ તરફ ચાલતા ચાલતા દક્ષિણ દિશાએ આવેલ મહાત્મા ગાંધી વસાહત થી વોર્ડ નં.૫ ની હદે હદે દક્ષિણ દિશાએ સ્લમ બ્લોક નં.૧૧ નો વિસ્તારથી દક્ષિણ દિશાએ ચાલતા ગુજરાત સોસાયટીથી પશ્ચિમ દિશાએ આગળ જૈન દેરાસર, રીન્કુ સોસાયટીથી આગળ ચાલતા શ્રીનાથજી

સોસાયટી, ત્યાંથી પશ્ચિમ દિશાએ આગળ ચાલતા કાપડીયા નગર સોસાયટી સુધી અને ત્યાંથી ઉત્તર તરફ ચાલતા સ્વામી નારાયણ મંદીર વિસ્તારથી આગળ બેબી લેન્ડ સ્કૂલથી આગળ મોટા જાદરા રોડથી શિતલ સોસાયટીથી આગળ જતા રાધા પાર્ક સુધીનો વિસ્તાર.

સદર વોર્ડ નંબર ૬ માં પારેખ કોલેજ, જવાહર સોસાયટી, મહાત્મા ગાંધી વસાહત, સ્લમ નંબર ૧૧, પંડિત જવાહરલાલ નહેરુ વસાહત, સરદાર પટેલ વસાહત, ગુજરાત સોસાયટી, જૈન દેરાસર, રીન્કુ સોસાયટી, PWD ક્વાર્ટર્સ, નાગરિક બેંક સોસાયટી, કેસરીનંદન સોસાયટી, ગોકુળ નગર, વિદુર નગર, વિપુલ નગર, શ્રીનાથજી સોસાયટી, ભારત નગર, વિજયનગર, ગોકુલધામ ફ્લેટ, વિશ્વાસ નગર, મહાકાલીનગર, સર્વોદય સોસાયટી, ઉદય સોસાયટી, મારુતિ તથા ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, ઉમા ફ્લેટ, શિતલ સોસાયટી, ટેલીફોન ઓફિસ, કાપડીયા નગર સોસાયટી વિસ્તારનો સમાવિષ્ટ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	**સેન્સસના બ્લોક નંબરની વિગત**				**સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત**	**બ્લોકના વિસ્તારની વિગત**
	બ્લોક નંબર	**અ.જા. વસતી**	**અ.જ.જા વસતી**	**કુલ વસતી**	**ઘર નંબરથી ઘર નંબર સુધી**	
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૭	૨	૫	૦	૭૦૦	૧ થી ૧૩૦	વિકાસ કોલોની, આસોપાલવ એપાર્ટમેન્ટ, પેવેલિયન સામેનો વિસ્તાર
૭	૩	૦	૦	૪૩૮	૧ થી ૯૨	ગાંધીબાગ પાસેના સરકારી ક્વાર્ટર્સ, બાહુબલી એપાર્ટમેન્ટ, કુબેરબાગ પાછળનો વિસ્તાર
૭	૧૩	૦	૦	૫૮૧	૧ થી ૧૦૪	ઈન્દિરાનગર વિસ્તાર
૭	૧૪	૦	૦	૭૮૧	૧ થી ૧૨૩	ઈન્દિરાનગર વિસ્તાર
૭	૧૦૯	૦	૦	૬૭૫	૧ થી ૧૨૫	કાજલ નગર, નરેશ ટેનામેન્ટ, શ્રીજી નગર
૭	૧૧૦	૨૯	૦	૬૨૧	૧ થી ૧૦૫	ગુજરાત હાઉસીંગ બોર્ડ, સીગ્નલ ઝૂપડપટ્ટી
૭	૧૧૧	૦	૦	૬૩૦	૧ થી ૧૧૩	પોસ્ટલ સોસાયટી, શિક્ષક સોસાયટી
૭	૧૧૨	૦	૦	૭૦૪	૧ થી ૧૩૬	રામપાશરા સોસાયટી, બુરહાની સોસાયટી, શ્રીજી નિકેતન સોસાયટી
૭	૧૧૩	૦	૩	૫૫૬	૧ થી ૧૦૧	શ્રીજી નગર સોસાયટી, આકાશ કોટેજ, રેલ્વે લાઈન, યોગી પાર્ક
૭	૧૧૪	૧૦	૪	૬૨૦	૧ થી ૧૨૫	સરદાર નગર, શ્રીનાથજી પાર્ક
૭	૧૧૫	૦	૪	૭૭૫	૧ થી ૧૫૭	શાસ્ત્રી નગર, પારેખ નગર
૭	૧૧૬	૦	૪	૬૮૭	૧ થી ૧૩૯	શાસ્ત્રી નગર-૨, પંચવટી નગર, કાજલ ટેનામેન્ટ
૭	૧૧૮	૦	૦	૭૩૪	૧ થી ૧૩૪	વી.ટી.નગર બીજા ખાંચાથી પારસ સોસાયટી સુધીનો વિસ્તાર
૭	૧૧૯	૭	૦	૮૩૪	૧ થી ૧૪૬	પારસ સોસાયટી, વિશ્વકર્મા સોસાયટી
૭	૧૨૦	૦	૦	૭૮૯	૧ થી ૧૬૨	વંદના સોસાયટી, શ્રીજી નગર
૭	૧૨૧	૦	૨૬	૭૪૨	૧ થી ૧૫૫	શ્રીજી નગર, મીરાં પાર્ક, સેંતા નગર
૭	૧૨૨	૦	૧	૭૫૮	૧ થી ૧૩૮	શાંતિ નગર, રંગોલી પાર્ક, માળીની વાડી, સ્વામી નારાયણ ગુરુકુળ

વોર્ડ નં. ૭

વોર્ડ નં.૭ વાયવ્ય ખુણે નેશનલ હાઈવે પર આવેલ સર્વે નં.૨૬૭/૨થી ચાલુ કરી પૂર્વ તરફ જતા શનિદેવ રોડ પર રોડની દક્ષિણ બાજુએ આવેલ સર્વે નં. ૨૬૫, ૨૬૩ ની હદથી આગળ ચાલતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેથી મહુવા શહેર તરફ ઉત્તર તરફ શાંતિનગર સોસાયટી વિસ્તારની ઉત્તર તરફ રેલ્વેની હદ સુધી આગલ ચાલતા રેલ્વે ટ્રેકથી પૂર્વ તરફનો વિશ્વાસ નગર સોસાયટી વિસ્તારથી આગળ ચાલતા વિશ્વકર્મા સોસા. વિસ્તારથી પૂર્વ તરફ રેલ્વે લાઈનની હદે હદે ઈંદીરાનગર વિસ્તારથી આગળ ચાલતા બુરહાની સોસા. તથા શ્રીજી નિકેતન

સોસા.ની આગળ રેલ્વેની હદ સુધીનો વિસ્તાર, આગળ પૂર્વ તરફ જતા જજીસ બંગ્લોઝ થી આગળ પેવેલીયન ગ્રાઉન્ડની આગળ આવેલ રોડ સુધીના વિસ્તારથી દક્ષિણ દિશા તરફ સરકારી ઓફીસ બીલ્ડીંગથી પશ્ચિમ તરફ હાઉસીંગ બોર્ડ વિસ્તારથી આગળ દીપક સોસા., દેવાંગી ફ્લેટ, સેંતાનગર તરફ આગળ જતાં શાંતિનગર સોસા.થી દક્ષિણ તરફ આવતા ઘનશ્યામનગર તથા અમરદીપ હોટલ વાળો વિસ્તાર, ત્યાંથી આગળ પશ્ચિમ તરફ ચાલતા સ્વામી નારાયણ ગુરૂકુળ અને સ.નં. ૨૯૩, ૨૯૨, ૨૯૪, ૨૭૪/૨, ૨૭૪/૧, ૨૭૩, ૨૭૨, ૨૬૯ થી ઉત્તર તરફ મોટા જાદરા રોડ ક્રોસ કરી સ.નં.૨૬૮ ની હદે હદે ઉત્તર દિશામાં આગળ ચલતાં નેસવડ ગામના સીમાડે સીમાડે સ.નં. ૨૬૮, ૨૬૭/૧, ૨૬૭/૨ સુધીની હદ સુધીનો વિસ્તાર.

સદર વોર્ડ નં.૭ માં શાંતિનગર, વિશ્વાસ નગર, રાધા પાર્ક-એ, દિપક સોસાયટી, પોસ્ટલ સોસાયટી, શિક્ષક સોસાયટી, બુરહાની સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડ વિસ્તાર, સેંતા નગર, મીરા પાર્ક, રેલ્વે પાટા પાસેનો ઝુંપડપટ્ટી વિસ્તાર, સ્વામીનારાયણ ગુરૂકુળ, રાધેશ્યામ સ્કૂલ/કોલેજ, શનીદેવ મંદીર, હોટેલ અમરદીપ, હોલી ફેમેલી સ્કૂલ, ઘનશ્યામ નગર કો.ઓ.હા.સો., શ્રીજી નગર, વિગેરેનો સમાવેશ થાય છે. તેમજ રે.સ.નં.૨૬૭/૨, ૨૬૭/૧, ૨૬૫, ૨૬૪, ૨૬૩, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૨૬૬, ૨૬૮, ૨૬૯, ૨૭૨, ૨૭૩, ૨૭૪/૧, ૨૭૪/૨, ૨૯૪, ૨૯૫, ૨૯૬, ૨૯૭, ૨૯૮, ૨૯૯, ૨૯૨, ૨૯૩ સર્વે નંબર નો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	**સેન્સસના બ્લોક નંબરની વિગત**				**સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત**	**બ્લોકના વિસ્તારની વિગત**
	બ્લોક નંબર	**અ.જા. વસતી**	**અ.જ.જા વસતી**	**કુલ વસતી**	**ઘર નંબરથી ઘર નંબર સુધી**	
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૮	૧૨૩	૦	૦	૭૯૮	૧ થી ૧૪૫	રાધેશ્યામ પાર્ક, ઈશ્વર સોસાયટી, મુનલાઈટ સોસાયટી
૮	૧૨૪	૧૦૦	૦	૮૨૫	૧ થી ૧૪૫	મુની નગર, ગીતગોવિંદ સોસાયટી, શામળા પાર્ક
૮	૧૨૫	૪	૫	૫૯૭	૧ થી ૧૨૬	એકતા સોસાયટી, શ્રીનાથજી-સી સોસાયટી, ખોડીયાર નગર
૮	૧૨૬	૦	૦	૮૫૯	૧ થી ૧૬૧	શ્રીનાથજી-એ સોસાયટી
૮	૧૨૭	૫૩	૦	૮૪૨	૧ થી ૧૪૦	તુલસી સોસાયટી, ચામુંડા નગર, ટેલીફોન સોસાયટી
૮	૧૨૮	૨૩૯	૧૩	૭૧૭	૧ થી ૧૩૬	નંદનવન સોસાયટી, ભીમરાવ સોસાયટી
૮	૧૨૯	૪	૦	૨૬૫	૧ થી ૪૮	સત્યસદન સોસાયટી, શ્રીનાથજી એપાર્ટમેન્ટ, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ
૮	૧૩૦-એ	૦	૦	૭૭૧	૧ થી ૧૧૫	ગાયત્રી મંદિર સામેની ઝૂપડપટ્ટી
૮	૧૩૦-બી	૦	૦	૨૦૦	૧ થી ૩૩	ગાયત્રી મંદિર સામેની ઝૂપડપટ્ટી
૮	૧૩૭-એ	૧૦૮	૦	૬૩૫	૧ થી ૧૧૨	ઘનશ્યામ નગર, જગજીવનરામ નગર, પ્રભાત નગર
૮	૧૩૭-બી	૧૬	૦	૨૮૦	૧ થી ૪૩	ઘનશ્યામ નગર, જગજીવનરામ નગર, પ્રભાત નગર
૮	૧૩૮	૦	૦	૨૮૧	૧ થી ૬૦	કમલ પાર્ક, મારૂતિ પાર્ક, વશિષ્ઠ નગર
૮	૧૪૭	૧૧	૦	૪૧૧	૧ થી ૭૪	ઈટના ભઠાથી પશુ દવાખાના તરફનો વિસ્તાર, ઠક્કર બાપા વસાહત
૮	૧૬૫	૦	૦	૮૧૨	૧ થી ૧૩૯	જનકપુરી સોસાયટી, કિસાન સોસાયટી
૮	૧૬૭-એ	૨૨	૦	૭૭૪	૧ થી ૧૨૯	ભવાની નગર-૨
૮	૧૬૭-બી	૨૬	૦	૨૦૭	૧ થી ૩૧	ભવાની નગર-૨
૮	૧૬૮	૦	૦	૬૫૧	૧ થી ૧૧૨	ભવાની નગર-૧

વોર્ડ નં. ૮

વાયવ્ય દિશામાં આવેલ સર્વે નં. ૨૭૦ ની હદથી પૂર્વ દિશા તરફ સર્વે નં. ૨૭૧, ૨૭૫, ૨૯૧, ૨૮૯ ની હદે હદે પૂર્વ તરફ જતા યોગી ફ્લેટ, શ્રીજી ફ્લેટનો વિસ્તારથી આગળ જતા રણછોડનગરની હદે આગળ જતા પ્રભાતનગરનો વિસ્તાર, ત્યાંથી આગળ જતાં બી.સી.એ. કોલેજ થી દક્ષિણ તરફ સત્યસદન સોસા.સોસા.વાળા રોડે દક્ષિણ તરફ આગળ જતા જનકપૂરી સોસાયટીનો વિસ્તાર, ત્યાથી પશ્ચિમ તરફ આગળ જતા કિસાન સોસાયટી, ભવાનીનગર સોસાયટી અને ભવાની નગર પોલીસ લાઈનનો વિસ્તાર, વિસ્તાર,ત્યાંથી દક્ષિણ-પશ્ચિમ દિશાએ આગળ જતા સ.નં.૩૮૫, ૩૭૫ તથા ૪૩૩ ની હદે હદે ચાલતા સ.નં.૪૫૫/૨ની હદ સુધીનો વિસ્તાર, ત્યાંથી ઉત્તર તરફ મોજે-દેવળીયાના સીમાડે સ.નં.૪૫૫/૧, ૪૫૦, ૪૫૪ની હદ સુધીનો વિસ્તાર, ત્યાંથી નેશનલ હાઈવે ક્રોસ કરી પૂર્વ તરફ ચાલતા સ.નં.૩૪૯ થી ઉત્તર તરફ આગળ ચાલતા નૂતન વિદ્યાપીઠ, સ.નં. ૩૪૮, ૩૪૭, મંગલમૂર્તી વિદ્યાપીઠથી આગળ ચાલતા સ.નં.૨૮૨, ૨૮૧/૧, ૨૮૦, ૨૭૭, ૨૭૬, ૨૬૧ ની હદ સુધીનો વિસ્તારથી સ.નં.૨૭૦ સુધી.

સદર વોર્ડ નં. ૮ માં પ્રભાતનગર, મુનીનગર, મનનબાગ, ડી.વાય.એસ.પી ઓફીસ, લીલીવાડી, ગોપાલબાગ, ગુરૂબાગ, જલભવન, ગુજરાત સોસાયટી, સત્યસદન સોસાયટી, હનુંમત હોસ્પીટલ, સ્વામી નારાયણ મંદીર, વશિષ્ઠ નગર, કીડસ વર્ડ, કીડસ સ્કૂલ, દેવાંગી પાર્ક, બી.સી.એ કોલેજ, ગાયત્રી સોસાયટી, તુલસી સોસાયટી, વીવેક પાર્ક, શ્રીનાથજી સોસાયટી, ખોડીયાર નગર, એકતાનગર, સ્વામીનારાયણ ધામ, સ્વામી નારાયણ નુતન મંદીર, ભવાની નગર, નુતન વિદ્યાપીઠ, ટીંબી હનુમાન મંદીર, સેન્ટ થોમસ સ્કૂલ, મંગલમુર્તિ વિદ્યાપીઠ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે.

નમૂના નંબર : ૮						
મહુવા નગરપાલિકા જિલ્લો-ભાવનગર						
	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
સૂચિત વોર્ડ નંબર	**સેન્સસના બ્લોક નંબરની વિગત**				**સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત**	**બ્લોકના વિસ્તારની વિગત**
	બ્લોક નંબર	**અ.જા. વસતી**	**અ.જ.જા વસતી**	**કુલ વસતી**	**ઘર નંબરથી ઘર નંબર સુધી**	
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૯	૯૫	૨૭૫	૦	૬૨૧	૧ થી ૯૭	વાલ્મીકી વાસ, કુટીર નિવાસ વિસ્તાર
૯	૯૬	૧૪૦	૦	૫૯૧	૧ થી ૧૧૨	કુટીર વસાહત, વાલ્મીકી વાસનો બાજુનો ખાંચો
૯	૯૭	૨	૦	૩૬૧	૧ થી ૭૯	ઈન્દિરા વસાહત તથા પાછળનો વિસ્તાર
૯	૧૩૧	૦	૦	૭૬૨	૧ થી ૧૧૬	જનતા પ્લોટ પાછળની ઝૂપડપટ્ટી શેરી નં.૨
૯	૧૩૯	૯૮	૦	૬૦૭	૧ થી ૧૩૯	ખાદી ઉધોગ વણાટ પાસેથી શાસ્ત્રી વસાહત ઝૂપડપટી
૯	૧૪૦	૦	૦	૮૧૨	૧ થી ૧૩૭	શાસ્ત્રી વસાહતની પાછળની ઝૂપડપટી, મોરારી હનુમાન પાસેનો વિસ્તાર, ચૌહાણ સાયકલવાળી લાઈન
૯	૧૪૧	૦	૦	૭૨૨	૧ થી ૧૨૭	ખરક બોર્ડીંગ સામે ઠક્કરબાપાની કેડી
૯	૧૪૨	૦	૦	૭૪૫	૧ થી ૧૨૦	ખોખરા પ્લોટ વિસ્તાર
૯	૧૪૩	૦	૦	૭૭૯	૧ થી ૧૧૫	કમ્પોસ્ટની સામેનો વિસ્તાર, ખોખરા પ્લોટ
૯	૧૪૪	૯૩	૦	૭૦૧	૧ થી ૯૬	ખોખરા પ્લોટ વિસ્તાર
૯	૧૪૫	૦	૦	૫૪૬	૧ થી ૧૦૨	કમ્પોસ્ટ ઝૂપડપટી
૯	૧૪૬	૦	૦	૩૯૫	૧ થી ૭૬	કમ્પોસ્ટ ઝૂપડપટી
૯	૧૪૮	૦	૦	૬૩૩	૧ થી ૧૦૯	શ્રદ્ધા સોસાયટી થી વોરા કબ્રસ્તાન સુધીનો વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૫૫	૦	૦	૫૧૧	૧ થી ૮૩	ગોરડીયા કોમ્પ્લેક્ષ, મેઘધનુષ્ય એપાર્ટમેન્ટ
૯	૧૫૬	૦	૧	૫૫	૧ થી ૧૨	મેઘધનુષ્ય એપાર્ટમેન્ટ, બંદર રોડ વિસ્તાર
૯	૧૬૬	૨૭	૦	૭૯૬	૧ થી ૧૩૬	મહિસાગર સોસાયટી
૯	૧૭૬	૦	૦	૨૫૦	૧ થી ૫૩	સ્મશાન પાસે દોરડાના કારખાનાવાળો વિસ્તાર, ઈંટના ભઠ્ઠાવાળો વિસ્તાર, ઉગમ નગર, બંદર રોડ

વોર્ડ નં. ૯

વોર્ડ નં. ૯ નાં વાયવ્ય ખૂણે આવેલ સર્વે નંબર ૪૩૩ ની હદે હદે આવેલ ડમ્પીંગ સાઈટથી ઉત્તર-પૂર્વ દિશાએ આગળ જતા સ.નં. ૪૩૩ ની હદે હદે આવેલ મહીસાગર સોસા. વિસ્તારથી દેવળીયા-મહુવા રોડથી ઉત્તર તરફ જતા ભીમરાવ સોસા.થી પૂર્વ તરફ જતાં શાસ્ત્રી વસાહત વિસ્તાર, દરીયાલાલ મંદીર થી આગળ જતાં છગનભાઈ માસ્તર વાળો ખાંચોખાંચો, ત્યાથી આગળ જતાં ગોરડીયા કોમ્પ્લેક્ષ સુધીનો વિસ્તાર, ત્યાંથી દક્ષિણ તરફ જતાં કસ્ટમ ઓફીસ, ત્યાંથી આગળ જતાં કમ્પોઝ મેન્યોઅર પ્લાન્ટ વિસ્તાર, ત્યાથી બંદર રોડે દક્ષિણ તરફ ચાલતા ચાલતા સ.નં.૪૩૩/૧ ની હદે હદે માલણ લોઅર બ્રીઝથી દક્ષિણ તરફ આગળ સ.નં. ૪૩૩/૧ ની હદે હદે ગઢડા ગામના સીમાડે પશ્ચિમ તરફ સ.નં.૪૩૩ ની હદે હદે મોજે ખરેડનાં સીમાડે સ.નં.૪૩૩/૧ ની હદે આવેલ ડમ્પીંગ સાઈટ સુધી.

સદર વોર્ડ નં.૯ માં ડમ્પીંગ સાઈટ, મહી સાગર સોસાયાટી, કમ્પોસ્ટ મેન્યુઅલ, STP સુએઝ ટ્રીટમેંટ પ્લાંટ, ભીમરાવ સોસાયટી, દરીયાલાલ મંદીર, છગનભાઈ માસ્તરવાળો ખાંચો, ગોરડીયા કોમ્પ્લેક્ષ, કસ્ટમ ઓફીસ, માલણ લોઅર બ્રીજ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે.

આર. જી. ગોહિલ
સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-મહુવા (ભાવનગર)-યુનિટ-૩-૨૦૨૫ તા.૨૫/૦૯/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૨

મહુવા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૯૮,૫૨૦		
કુલ વોર્ડની સંખ્યા	૦૯		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧૦,૯૪૭	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૧૨,૦૪૨
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૯,૮૫૨
બેઠકોની સંખ્યા	૩૬		
કુલ સ્ત્રી બેઠકો	૧૮		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦ (શૂન્ય)	તે પૈકી ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૦	તે પૈકી ૫ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૨૪		
સામાન્ય બેઠકો	૧૨		

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૧૧૧૩૭	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૧૧૩૧૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૧૨૦૨૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૧૧૮૧૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૧૦૫૨૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૧૦૨૭૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૧૧૬૨૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૯૯૨૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૯૮૮૭	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	**૯૮૫૨૦**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.29 08:43:59 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar